**ફોજદારી કેશ નં.૧૨૭૫/૨૦૨૨**

==========================================================================

**મહે. કલ્યાણપુરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુ. કલ્યાણપુર.**

==========================================================================

**-: આંક-૦૧ લગત હુકમ :-**

**ગુનો : બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ**

(૧) સદરહુ કામના આરોપી વિરુઘ્ધ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમા ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમા હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી ત્યારબાદ આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનુ જણાવેલ છે. તેમ છતા આરોપીએ સદર ગુનો સ્વેચ્છા પુર્વક કબુલ હોવાનુ જણાવેલ છે. વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરશીષમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહીતીગાર કરેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે. આમ, આરોપીની મારી સમક્ષની રજુઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ઘ્યાનમા લઈ આરોપીને સદર ગુન્હામા તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**-: હુકમ :-**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને કોર્ટઉઠતા સુધીની સજા તથા રૂા.૩૦૦/- (અંકે રૂપીયા ત્રણસો પુરા) દંડ કરવાનો હુકમ અને જો દંડ ન ભરે તો દિવસ-૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૩ માહે મે, સને-૨૦૨૩ ના રોજ લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ :- કલ્યાણપુર.
તારીખ:- ૧૩/૦૫/૨૦૨૩.

(Mr. Mohmedsarfaraz Abdulkadar Shaikh)
GJ01628
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. કલ્યાણપુર જી. દેવભુમિઘ્વારકા.